ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૩ ટકા

# આજથી શહેરમાં મીની વેકેશનનો માહોલ

## આજથી શહેરમાં શનિ-રવિ-સોમ સળંગ ત્રણ જાહેર રજાઓના પગલે રાજમાર્ગો પર ટ્રાફિક નહિવત રહેશે : કોરોના સંક્રમણ પર નિયંત્રણ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે : જોકે આ દરમ્યાન યોજનાર ભરપૂર લગ્નો અને નુતન વર્ષના મેળમિલાપ દરમ્યાન સોશિયલ ડિસ્ટન્સ કેટલું જળવાય છે તેના પર બધો આધાર

ગાંધીનગર, તા.૨૭

આગામી ત્રણ દિવસ સળંગ સરકારી રજાઓના કારણે ફરી એકવાર ગાંધીનગર સૂમસામ બનશે, જો કે આ વખતે કોરોના સંક્રમણ વધ્યું હોવાથી આ ત્રણ રજાઓ તેની ગતિ ધીમી પાડવા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. જેમાં શહેરમા ચાલી રહેલ લગ્નગાળાની સીઝન તેમજ નુતન વર્ષે એકબીજાના ઘરે જઈને શુભેચ્છા પાઠવવાની પ્રથા પર કેટલો અંકુશ રહે છે તેના પર બધો આધાર છે. અનેક સરકારી કર્મચારીઓ-અધિકારીઓ અત્યારે ફરી પરિવાર સહિત વતનની વાટે ઉપાડી ગયા છે.

ફરી એકવાર સળંગ ત્રણ દિવસ માટે જાહેર રજાઓ આવી રહી છે જેમાં તમામ સરકારી, અર્ધ સરકારી અને બોર્ડ-નિગમ સહિતની કચેરીઓ અને બેંકો-પોસ્ટ વગેરેમાં રજાઓ રહેશે. તા. ૨૮મી નવેમ્બરે ચોથો શનિવાર છે, તા. ૨૯મી નવેમ્બરે રવિવાર અને તા. ૩૦મી નવેમ્બરે સોમવારે દેવદિવાળીના પર્વે "ગુરુ નાનક જયંતિ"ની દેશવ્યાપી રજા છે. આમ સળંગ ત્રણ દિવસ સુધી પાટનગરમાં રજાનો માહોલ રહેવાથી શહેરના રાજમાર્ગો પર ટ્રાફિકની હલચલ નહિવત થઈ જશે. દિવાળી પછી સમગ્ર રાજ્યભર સહિત ગાંધીનગરમાં પણ કોરોના સંક્રમણના કેસોની સંખ્યામાં ઓચિંતો જ ઉછાળો આવ્યો છે જે હજુ નિયંત્રણમાં આવ્યો નથી. અમદાવાદ-સુરત-વડોદરા- રાજકોટ જેવા શહેરોમાં તો સરકારે કરફ્યુનું શસ્ત્ર ઉગામવું પડ્યું છે પરંતુ ગાંધીનગરની ભૌગોલિક પરિસ્થિતિને કારણે તેને કરફ્યુ લાદવામાંથી રાહત પ્રાપ્ત થઈ છે. જો કે સળંગ ત્રણ દિવસની રજાઓના કારણે શહેરમાં કોરોના સંક્રમણની ચેઈન થોડે ઘણે અંશે તૂટે તેવી અપેક્ષા સેવાઈ રહી છે જે ખોટી તો નથી જ અને આ રજાઓને કારણે સરકારી કચેરીઓ, બેંકો, બસસ્ટેશન, પોસ્ટ ઓફિસ સહિતની જાહેર સ્થળોએ થતી ભીડ થશે નહીં તેથી તેનો ફાયદો કોરોનાના વધતાં કેસોની સંખ્યા પર નિયંત્રણ સાધવામાં મળી શકે તેમ છે. જોકે આ સાથે આ ત્રણ રજાઓ દરમ્યાન શહેરમાં લગ્નસરાની સીઝન પુરભારમાં ખીલવાની છે તે ભૂલવું ના જોઈએ. શહેરીજનોએ રાજાઓના કારણે અને નુતન વર્ષના કારણે પણ આ લગ્નસરાની સિઝનમાં મન મૂકીને મ્હાલે તેવી શક્યતાઓને નકારી ના શકાય. તે જોતાં આ રજાઓમાં યોજનારા લગ્નો અને નુતન વર્ષના મેળમિલાપ કોરોનાના કેસો પર નિયંત્રણ મેળવવામાં જોખમી સાબિત થઈ શકે છે તે માટે તંત્રએ સતર્ક રહેવુ પડશે તેવું જણાઈ રહ્યું છે. તે સાથે નાગરિકોએ પણ આ સમયગાળામાં લગ્નો કે મેળમિલાપ દરમાયન માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ સહિતની કોવિડ-૧૯ની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી જણાય છે.



કોરોનાનો કેર વધતો જાય છે ત્યારે માસ્ક પહેરવું અનિવાર્ય થઈ ચુકયું છે. સરકાર દ્વારા ઘણી જાહેરાતો કરવામાં આવે છે પરંતુ હજુ માસ્ક પહેરવા બાબતે જાગૃતિ આવતી નથી. ચ-૦ સર્કલ પાસે વાહન ચેકીંગ શરૂ કરી માસ્ક ન પહેર્યું હોય તેવા વાહનચાલકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો હતો.

## સરગાસણના વડીલનો દંતાલી કેનાલમાં આપઘાત

ગાંધીનગર, તા.૨૭

કોરોનાથી કંટાળીને શહેરના એક વડીલે દંતાલી કેનાલમાં આપઘાત કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે. દંતાલી કેનાલમાંથી વડીલનો મૃતદેહ ફાયરની ટીમે બહાર નીકાળ્યો છે. આ મૃતદેહ બાબુલાલ જોઈતારામ સુથાર (ઉં.૬૮ રહે.જી.૫૦૪ સૌંદર્યા ૪૪૪ સરગાસણ) હોવાનું સામે આવ્યું હતું. મૃતક વડીલ ૧૮ નવેમ્બરના રોજ પોઝીટીવ આવ્યા હતા. જયારે ગુરુવારના રોજ સવારે ઘરેથી દવા લેવા માટે જવાનું કહી નીકળ્યા હતા. બપોર સુધી પરત ન આવતા ઘરમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેથી પરિવારના સભ્યોએ વડીલની શોધખોળ આદરી હતી. પરંતુ તેમનો મૃતદેહ દંતાલી કેનાલમાંથી મળી આવ્યો હતો. વડીલે લખેલી સ્યુસાઈડ નોટમાં તેઓએ દર્દ અસહ્ય બનતા આ પગલુ ભરતા હોવાનું તેમણે લખ્યું છે. મૃતક સવારે ગાડી લઈને નીકળ્યા હતા અને ગાડીની ચાવી અંદર મુકીને બહારથી લોક મારીને કેનાલમાં કુદકો માર્યો હતો. સ્યુસાઈડ નોટમાં વડીલે દરેક સભ્યના નામ લખીને આશિર્વાદ પાઠવ્યા હતા. પોતાના મૃત્યુ માટે કોઈને પણ જવાબદાર ન ગણીને ઘરેથી નીકળવાનો સમય થઈ ગયો છે ગુડ બાય અલવિદા લખીને વડીલે અંતિમ પગલુ ભર્યું હતું.

## સેકટર-૨૩ ખાતે પોલીસ જવાનના ઘરને ટાર્ગેટ કરનાર ત્રણ ઝડપાયા

### સોના-ચાંદીના દાગીના, રૂ.૧૧ હજાર રોકડ, બે મોબાઈલ ફોન, સોલાર પ્લેટ, લોખંડની છીણી અને ડીસમીસ સહિત ઈકો કાર મળી કુલ રૂ.૨,૫૪,૩૧૧ નો મુદામાલ કબ્જે કર્યો



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતે રહેતા સલામતી શાખાના પોલીસ જવાનના બંધ મકાનને પકવાડીયા પહેલા તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. ત્યારે પોલીસ જવાનના મકાનમાં ઘુસીને ચોરી કરનાર ટોળકીના મહિલા સહિત ત્રણ ને પોલીસે પકડી પાડ્યા છે. આરોપીઓ રૂ.૬૦ હજાર રોકડા અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૧૫ લાખની મત્તા લઈ રફુચકકર થઈ ગયા હતા.

પોલીસ દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શનમાં સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે એએસઆઈ હરદેવસિંહ તેમજ કોન્સ્ટેબલ રવિન્દ્રસિંહને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી મળી હતી. જેને અનુલક્ષી પોલીસે સકટર-૨૩ પાસેથી જી.જે.૧૮.બી.એચ.૬૯૦૧ નંબરની ઈકો ગાડીમાંથી ત્રણ વ્યકિતને પકડી પાડ્યા હતા. પોલીસે તેમના નામ પુછતા તે અશોક ઉર્ફે ભુરો અશ્વિનભાઈ દાંતણીયા (ઉં.૩૨ શિવમ એપાર્ટમેન્ટ વેજલપુર), જગદીશ ઉર્ફે જગો રામજીભાઈ વાલ્મિકી (ઉં.૪૨ રહે, ખ-૭ નજીક કાચા છાપરા) તેમજ સોનલ ઉર્ફે કાળી અશોક દાંતણીયા (ઉં.૩૦ રહે, સે-૨૩ કાચા છાપરા) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે ગાડીમાં તપાસ કરતા કપડાની થેલીમાં રોકડ રૂ.૧૧ હજાર, સોના-ચાંદીના દાગીના, કલોંખની આશરે એક ફુટ લંબાઈની છીણી તેમજ ડીસમીસ, સોલાર પ્લેટ, બે ફોન મળી આવ્યા હતા. પોલીસે ઈકો ગાડી સહિત રૂ.૨,૫૪,૩૧૧ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી હતી. જેમાં ત્રણેયની કડક પુછપરછ કરતા સોનલ અને જગદીશે પખવાડીયા પહેલા સેકટર-૨૩ બ્લોક નં.૧૦૯-૩ છ ટાઈપ ખાતે ચોરીને અંજામ આપ્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે આરોપીના ઈતિહાસ પર નજર કરીએ તો અશોક ઉર્ફે ભુરો અગાઉ સે-૨૧ પોલીસ મથકમાં બેટરી ચોરી અને મારામારીના ગુનામાં પકડાયેલ છે. જયારે જગદીશ ઉર્ફે જગો રાણીપ અને સાબરમતિ પોલીસ મથકના વિસ્તારમાંથી લોખંડ ચોરીના ગુનામાં, અને રાણીપમાં એટીએમ ચોરી તેમજ સે-૨૧ ખાતે રીક્ષા ચોરીમાં પકડાયેલો છે. જયારે સોનલ ઉર્ફે કાળી સે-૨૧ ખાતે બેટરી ચોરીના ગુનામાં પકડાઈ ચુકી છે.

## સે-૨૪માંથી ચોરીના એકટીવા સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર,તા.૨૭

કલોલ શહેર પોલીસ મથકમાં નોંધાયેલા એકટીવા ચોરીના ગુનામાં સેકટર-૨૪ ખાતેથી એક યુવકને એલસીબી-૨ પોલીસે પકડી પાડી વાહનચોરીનો ભેદ ઉકેલી દીધો છે. જયારે એલસીબી પોલીસે રૂ.૧૫ હજારનું, ૧૦ હજારનું અને રૂ.૫ હજાર મળીને કુલ રૂ.૩૦ હજારના ત્રણ એકટીવા કબ્જે કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ એચ.પી.ઝાલના માગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા વિવિધ ટીમ બનાવી પરિણામલક્ષી કામગીરી માટે પેટ્રોલીંગમાં હતા તે સમયે એએસઆઈ કેવલસિંહ અનોપસિંહ, હે.કો.હસમુખભાઈ હેમુભાઈ, જોગીંદરસિંહ મેહરસિંહ અને પોકો રાકેશસિંહ મુકેશસિંહ પેટ્રોલીંગમા હતા તે સમયે ફરતા ફરતા સેકટર-૨૪ શાકમાર્કેટ ખાતે આવતા સાથે રહેલા એએસઆઈ કેવલસિંહ પોકો. રાકેશસિંહને સંયુકત બાતમી મળી હતી. જેને પગલે એલસીબી-૨ પોલીસે પ્રતિક નારણભાઈ ચૌહાણ (ઉં.૨૩, રહે. મથુરીયા નગર સોસાયટી વિભાગ-૨ ની બાજુમાં),અને કાયદાના



સંઘર્ષમાં આવેલ કિશોરને કાળા કલરના નંબર પ્લેટ વિનાના એકટીવા સાથે પકડી પાડ્યો હતો. પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા યુવક ભાંગી પડ્યો હતો. ત્યારબાદ પ્રતિક ચૌહાણએ જણાવ્યું હતું કે આ એકટીવા કિશોર પાસેથી રૂ.૫ હજારમાં લીધુ હતું. જયારે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરે આ એકટીવા વર્ષ ૨૦૧૯માં સાતમાં કે આઠમાં મહિનામાં કલોલ શહેર કપિલેશ્વર ગેટ આગળથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જયારે ગત નવરાત્રીમાં બે ત્રણ દિવસ પહેલા પોતે બીજા બે એકટીવા ચોરી કર્યા હતા. જેમાં એક એકટીવા પંજાબ બેંકના ભોંયરામાં પાર્ક કર્યુ હતું. જયારે બીજુ એકટીવા આરસોડીયા પાણીની ટાંકી પાસે આવેલ મેદાનની દિવાલ નજીક ઝાંડીઓમાં સંતાડીને મુકી દીધુ હતું.

પોલીસે એકટીવા અંગે તપાસ કરતા રેકર્ડ પર ખાત્રી કરતા કલોલ અને સરખેજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. જયારે આરોપી યુવકને કલોલ પોલીસ મથકે સોંપવામાં આવેલ છે. જયારે પોલીસે આરોપી પાસેથી રૂ, ૧૫ હજાર, ૫ હજાર અને ૧૦ હજારની કિંમત સહિત ત્રણ એકટીવા મુદ્દામાલ તરીકે કબ્જે કર્યા છે.

## રવિવારે સે-૨૧ના હવેલી મંદિર ખાતે વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજકુમારજી પધારશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતે શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે તા. ૨૯મી નવેમ્બર રવિવારે બપોરે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનનો શપથવિધિ સમારોહ યોજાનાર છે. આ સમારંભમાં વૈષ્ણવાચાર્ય પૂ.ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજકુમારજી મહોદય પધારવાના છે. આ દિવસે બપોરે ૩.૩૦ કલાકે શપથવિધિ સમારોહ યોજાશે. શપથવિધિ સમારોહ બાદ ૪ કલાકે મંગલ વચનામૃત અને સાંજે ૫ કલાકે અન્નકૂટ મનોરથના દર્શન યોજાશે. તમામ કાર્યક્રમો કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર યોજાશે.

## આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું : સિવીલ સુપ્રિન્ટેન્ડટનો ખુલાસો માંગવામાં આવ્યો

### ૮મા માળે વોર્મર સાથે એકઝોસ્ટ ફેન પણ બંધ કરાતા નર્સિંગ સ્ટાફે ડયુટી નહિ કરવાની ચીમકી આપી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાંથી એક જ શબવાહિનીમાં એક તરતાં વધુ મૃતદેહોને લઈ જવાની ઘટના સામે આવ્યા બાદ તંત્રએ આજે સિવીલ સર્જન સહિત કેટલાકના ખુલાસા માગ્યા હોવાનું જાણવા મળેલ છે.

આજે આ અંગેના અહેવાલો પ્રસિધ્ધ થયા છે. ગઈકાલે સાંજે જ આરોગ્યતંત્ર હરકતમાં આવ્યું હતું અને આ માટે સિવીલ સુપ્રિન્ટેન્ડટ તેમજ અન્ય અધિકારીઓની કચેરીના ફોન સતત રણકતા રહ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે સિવીલ સુપ્રિન્ટેન્ડટ ને અગ્રસચિવશ્રી અને આરોગ્ય કમિશ્નરની કચેરીથી તાકીદનું તેડુ પણ આવ્યું હતું અને પરિસ્થિતિ અંગે ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. આ પછી તેમની પાસેથી વિગવતાર ખુલાસો માંગવામાં આવ્યો છે.

સિવીલ સુપ્રિન્ટેન્ડટનો ખુલાસો માંગવામાં આવતાં જ આજે તંત્રમાં સન્નાટો વ્યાપી ગયેલો જોવા મળતો હતો. સિવીલમાં આજે તબીબી અધિકારીઓ પણ સતત દોડધામ કરતા જોવા મળ્યા હતા.

દરમિયાન સિવીલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ સિવીલનું તંત્ર પણ સ્તબ્ધ બની ગયું છે. સિવીલમાં કોરોનાના ગંભીર દર્દીઓ માટે ૮મા માળે ઉભા કરાયેલા વોર્ડમાં એકઝોસ્ટ ફેન સહિત એ.સી. બંધ હોવાની વાતને લઈ નર્સિંગ સ્ટાફે ડયુટી હવે પછી નહિ કરવાની આપેલી ચીમકીને પગલે થોડીકવાર માટે હોબાળો મચી જવા પામ્યો હતો. જો કે આ પછી કેટલીક દરમિયાનગીરી તંત્રના અધિકારીઓએ કરતાં મામલો શાંત પડયો હતો. જો કે સિવીલ હોસ્પિટલમાં એક તરફ તબીબોની ઘટ, ઓકિસજન પરના દર્દીઓની સંખ્યામાં વધારો તેમજ સિવીલના કોરોના વોરિયર્સ સંક્રમિત થયાને પગલે સતત તંત્ર દોડધામમાં વ્યસ્ત ભાસી રહ્યું છે.

સિવીલ હોસ્પિટલમાં ડેથરેટ પણ વધારે હોવાને લઈ હોસ્પિટલમાં શોકની લાગણી સતત છવાયેલી રહેતી જોવા મળી રહી છે.

## ગાંધીનગર જિલ્લામાં ૧૨મીએ ઈ-લોક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં ઈ- લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે, તેવું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવશ્રી જણાવ્યું છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવશ્રી વધુમાં જણાવ્યું છે કે, આ રાષ્ટ્રીય લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એક્ટ- ૧૩૮ના કેસ, બેંક લેણાના દાવા, લેબરને લગતા કેસ, લગ્ન વિષયક કેસ( છુટાછેડા સિવાયના), રેવન્યુ કેસ, મોટર અકસ્માત વળતરના કેસ, ઈલેકટ્રીસીટી તેમજ પાણી વેરોના કેસ, જમીન સંપાદનના કેસ, અન્ય સીવીલ કેસ અને પે અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટસને લગતી સર્વિસ મેટરના કેસનો સમાવેશ કરવામાં આવશે. જે પક્ષકારો કોર્ટમાં આ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓશ્રીએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર રૂમ નંબર-૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવ્યું છે.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ' સ્પર્ધા ઓનલાઈન યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ' સ્પર્ધાનું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે. આ સ્પર્ધનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચી કેળવાય અને તેમાનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃતિ વિકસે તેવા નવીનત્તમ વિચારોનો ઉદ્દભવ થાય તે છે. ગુજરાત માં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

ગાંધીનગર જીલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધા નું આયોજન તા.૧૧/૧૨/૨૦૨૦ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઓનલાઈન કરવામાં આવશે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે નો મુખ્ય વિષય 'સાયન્સ ફોર સસ્ટેનેબલ લીવીંગ' રાખવામાં આવેલ છે. જેના પેટા વિષય નીચે પ્રમાણે છે. (૧) ટકાઉ જીવન જીવવા માટે ઈકોસિસ્ટમ, (૨) ટકાઉ જીવન માટે યોગ્ય તકનીકી, (૩) ટકાઉ જીવન માટે સામાજિક નવીનતા, (૪) ટકાઉ જીવનનિર્વાહ માટે આલેખન, વિકાસ, નમૂના અને આયોજન, (૫) ટકાઉ જીવનનિર્વાહ માટે પરંપરાગત જ્ઞાન પ્રણાલી અપનાવવી.

આ સ્પર્ધામાં ૧૦થી ૧૭ વર્ષ ની વય જૂથ ના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધાના વિષયો અંગે માહિતી અને માર્ગદર્શન મળે તેમજ સ્પર્ધામાં ભાગ લેવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટર, ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ નો સંપર્ક કરવો અથવા મોબાઈલ નંબર - ૯૩૨૭૮૩૫૨૧૫, ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.



**સેકટર-૬ ખાતે પોલીસ દ્વારા ફલેગમાર્ચ યોજાઈ**

કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે ગાંધીનગર પોલીસ દ્વારા સેકટર-૬ ખાતે ફલેગ માર્ચ યોજાઈ હતી. સેકટરના વિવિધ વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા કોરોના અંગે નાગરીકોને જાગૃત કરાયા હતા.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. રૂખીબેન ઉદાજી ઠાકોર, ઉ.વ. ૮૦, બોરીજ, ગાંધીનગર
- સ્વ. પટેલ રમેશચંદ્ર અંબાલાલ, ઉ.વ. ૬૯, સે-૮, ગાંધીનગર
- સ્વ. વાઘેલા જનકબેન ગંભીરસિંહ, ઉ.વ. ૬૯, પિંડારડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાહી રાજુભાઈ દેસાઈ, ઉ.વ. ૯, સે-૨૫, ગાંધીનગર
- સ્વ. ગિરધરલાલ હરજીવન મદલાણી, ઉ.વ. ૬૨, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. ચૌધરી જોઈતાભાઈ ઘેમરભાઈ, ઉ.વ. ૫૯, ઈન્દ્રપુરા, તા. માણસા
- જોષી જયંતિભાઈ જગન્નાથ, ઉ.વ. ૭૦, બાલવા, તા. કલોલ
- સ્વ. કાન્તીલાલ ભુદરભાઈ પટેલ, ઉ.વ. ૭૭, સેકટર-૨૦, ગાંધીનગર
- સ્વ. તનવી વિજય ગુપ્તા, ઉ.વ. ૧૨, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. જમનાબેન કેશવલાલ પટેલ, ઉ.વ. ૮૨, મુન્દ્રા, તા. માણસા
- સ્વ. લક્ષ્મજી ભયજીજી ઠાકોર, ઉ.વ. ૭૩, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. રૂઘનાથસિંહ બાદરસિંહ ડાભી, ઉ.વ. ૬૫, પેથાપુર, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. સંદિપ રામસુરત પ્રજાપતિ, ઉ.વ. ૨૧, સે-૧૩, ગાંધીનગર
- સ્વ. ગોવિંદભાઈ પ્રભુદાસ લીંબાચિયા, ઉ.વ. ૬૧, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. જોષી વસુમતિબેન બળેદવભાઈ, ઉ.વ. ૭૦, મહુન્દ્રા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જસુમતીબેન વસંતલાલ સિંગબ, ઉ.વ. ૭૪, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. હરિભાઈ નારણભાઈ ખેર, ઉ.વ. ૬૭, સે-૨, ગાંધીનગર